© 2017 IJSRST | Volume 3 | Issue 3 | Print ISSN : 2395-6011 | Online ISSN : 2395-602X
Themed Section: Science and Technology

# કર્ણની નિષ્ઠા અને જીવનકારુણ્ય

પ્રા.જી.જે.દેસાઈ
આસીસ્ટંટ પ્રોફેસર
ડીસીએમ આર્ટ્સ & કોમર્સ કૉલેજ, વીરમગામ

'મહાભારત' નું નિષ્ઠવાન અને કારુણ્યપૂર્ણ ચરિત્ર કર્ણનું છે.કુંતા એની જનેતા પણ પાલ્ય ગણાયો અધિરથ અને રાધાનો.અધિરથ મહારાજ ધૃતરાષ્ટ્રનો સારથિ હોઈ તે સૂતપુત્ર તરીકે ઓળખાયો.સમસ્ત કથામાં કર્ણને સૂતપુત્ર તરીકેનું મહેણું મારવામાં આવે છે.તે સૂતપુત્ર હોઈ તેને વિદ્યાનો અધિકાર નથી.આમ છતાં તે પરશુરામ પાસે બાણવિદ્યા શીખે છે અને જ્યારે પરશુરામને જ્ઞાત થાય છે કે આ બ્રાહ્મણ નથી ત્યારે તેઓ કર્ણનો વધ કરવા ઉત્સુક બને છે.પરંતુ સૂર્યની દરમિયાનગીરીથી ઉગરી જાય છે તોય પરશુરામ એને શાપ આપે છે કે કટોકટીના સમયે કર્ણ પોતાની વિદ્યાનું વિસ્મરણ કરશે અને તેના રથનું પૈંડું ધરતીમાં ખૂંપી જશે.આ અભિશાપ કર્ણના જીવનને લાગેલો છે.જે કુરુક્ષેત્રમાં અર્જુન સાથેના યુદ્ધ સમયે જોવા મળે છે.કર્ણ જન્મજાત કવચ અને કુંડળ ધરાવે છે.તે કુંતાના સૂર્ય સાથેના નિયોગથી જન્મેલ છે પરંતુ કુંતાએ કુંવારી અવસ્થામાં જ નિયોગ કર્યો હોઈ તેને સમાજનો દર લાગતાં તે બાળકને એક પેટીમાં મૂકી નદીમાં વહાવી દે છે.જે અધિરથ અને રાધાને મળે છે અને આ નિ:સંતાન દંપતી તે બાળકને પોતાના પુત્રની જેમ જ પાળી-પોષી મોટો કરે છે.જન્મજાત પ્રતિભા, તેજ અને કાબેલિયત લઈને જન્મેલ કર્ણની મનીષા બાણાવળી બનવાની છે અને તે ધનુર્વિદ્યા શીખવાના ઘણા પ્રયત્ન કરે છે પણ સૌ તેને સૂતપુત્ર કહી તિરસ્કારે છે.છેવટે તે બ્રાહ્મણ વેશ ધરી પરશુરામનો શિષ્ય બને છે અને ધનુર્વિદ્યા શીખે છે.

ઉપકારનો બદલો ઉપકાર જ હોય અને જીવનભર નિષ્ઠવાન રહેવું તે કર્ણનો સ્વભાવ છે.વિશ્વાસઘાત કરવો અને પીઠ દેખાડવી તે કર્ણનો સ્વભાવ નથી. 'મહાભારત' નું આ પાત્ર સૌથી વધારે નિષ્ઠાવાન અને કરૂણ છે કેમ કે જન્મથી જ તેના જીવનમાં દુ:ખ, સંઘર્ષ અને એકલતા છે. દુર્ભાગ્ય, તિરસ્કાર, અપમાન અને વ્યથા તેના જીવન સાથે અવિનાભાવી સંબંધે જોડાયેલી છે અને તેને કર્ણ જીવનભર સહન કરતો રહે છે.આમ છતાં તે ભાગ્યને કોસતો નથી પણ લક્ષ્યસાધનાને જ મહત્વ આપી કર્મ કરતો રહે છે.જીવનનો આ પણ એક વાસ્તવ છે કે મનુષ્ય ગમે એટલા પ્રયત્ન કરે તો પણ લક્ષ્ય પામી શકતો નથી કે જીવન સુધારી શકતો નથી.તેમાં આડે આવે છે કર્ણની નિષ્ઠા.કર્ણ જીવનમાં મૃત્યને વ્હાલું કરે છે પણ નિષ્ઠામાંથી ચલિત થતો નથી. ભર્તૃહરિએ પણ નીતિશતકમાં નોંધ્યું છે. ધૈર્યવાન અને નિષ્ઠાવાન માણસ નિષ્ઠા અને ન્યાયથી ચલિત થતો નથી :

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मी: समाविशतु गच्छतु वा यथेष्टम |
अधाय वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथ: प्रविचलन्ति पदं न धीरा : ||

એ તેનો જીવનમાર્ગ છે.કર્ણ સ્વાર્થી નથી, ઈર્ષ્યા અને કપટને પણ સ્વીકારતો નથી. તે કેવળ એક વીરની જેમ સંઘર્ષ કરવામાં અને યુદ્ધભૂમિ પર સંગ્રામ કરવામાં માને છે.શૌર્ય તેનું આભૂષણ છે.સમાજ પણ તેના કર્મ અને શૌર્યને જોતો નથી પણ તેની જાતિને ધ્યાનમાં લે છે.આથી જ દ્રોણાચાર્ય, શલ્ય, ભીષ્મ, ભીમ, અર્જુન, દ્રોપદી આદિ તેને તિરસ્કારતા રહે છે.ભારતીય સમાજમાં કર્મ અને શૌર્યનું મહત્વ નથી પણ જાતિનું મહત્વ છે.જે આપણા સમાજનું કલંક છે અને તે 'રામાયણ', 'મહાભારત' જેવાં ગ્રંથોમાં આવતાં આ પ્રકારના પ્રસંગોને લીધે આજપર્યંત વિદ્યમાન છે.વિદ્યાવાન પુરુષ પણ કર્ણની પ્રતિભાને ઓળખી ન શકે તે એવા પુરુષોની વિદ્યાની નાલેશી સૂચવે છે.ખરેખર તો, વિદ્યા અને પ્રતિભા તથા અભ્યાસ એ કોઈ ચોક્કસ જાતિનો ઈજારો નથી.આ પ્રકૃતિની દેન છે.મનુસ્મૃતિમાં મનુ રાજાએ બરાબર જ નોંધ્યું છે કે માણસ માત્ર જન્મથી જ શુદ્ર કે વૈશ્ય કે ક્ષત્રિય છે,સારા સંસ્કારવાળાને બ્રાહ્મણ જ માનવો. વિદધ્ય એ દરેકનો અધિકાર છે. जन्मना जायते शूद्र: संस्कारात द्वीजउच्चयते|

પરંતુ જ્યાં સમાજ જ એવી વ્યવસ્થામાં વહેંચાયેલો હોય ત્યાં ડાહ્યા પુરુષોની સમજણનો પણ કોઈ અર્થ રહેતો નથી.'મહાભારત' માં એવું એકેય પાત્ર નથી જે કર્ણના સાહસ અને શૌર્યને બિરદાવી શકે.બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ એમ જ માની લીધું છે કે વિદ્યા પ્રાપ્ત કરવી અને યુદ્ધ કરવું એ કેવળ એમનો જ અધિકાર છે.કંઈક શીખવું અને યુદ્ધ કરવું એ માણસ માત્રની કળા છે.

અર્જુનની ધનુર્વિદ્યા નિહાળીને કર્ણ એની સામે યુદ્ધનો પડકાર ફેંકે છે.કર્ણનું આ વર્તન એ ક્ષત્રિયનું સૂચક છે પરંતુ એ જ સમયે કર્ણની જાતિ પુછાય છે અને તે કોઈ રાષ્ટ્રનો રાજા છે કે કેમ તેમ પણ પૃચ્છા થાય છે.કર્ણ પ્રત્યુત્તર આપી શકતો નથી એટલે તે હાંસીપાત્ર બને છે.આ સમયે દુર્યોધન તેની વ્હારે આવે છે અને તત્કાળ તેને અંગદેશનો રાજા ઘોષિત કરે છે.જીવનની નિર્ણાયક ક્ષણે કેવળ દુર્યોધને મદદ કરી હોય છે એટલે કર્ણ પણ મૃત્યુપર્યંત તેના પ્રત્યે નિષ્ઠાવાન રહે છે.એ પ્રસન્નતાપૂર્વક મૃત્યુનો સ્વીકાર કરે છે પણ દુર્યોધન સાથે કદી પણ વિશ્વાસઘાત કરતો નથી.કર્ણમાં જીવનનું સૌથી સક્ષમ અને ઉજળું પાસું છે.અલબત્ત, દુર્યોધનને તો એવા જ યોદ્ધાની જરૂર હોય છે જે અર્જુનની બરાબરી કરી શકે અને તે કર્ણ હોઈ એ તત્કાળ કર્ણને પોતાનો મિત્ર ઘોષિત કરે છે.એટલું જ નહીં તેને યોગ્ય સ્થાન આપી સૌની સામે સન્માનિત પણ કરે છે.કર્ણ જીવનભર તેનો આ આભાર વિસ્મૃત કરતો નથી.દુર્યોધનને પણ જેટલી આસ્થા ભીષ્મ અને દ્રોણાચાર્ય પર નથી એટલી કર્ણ પર છે.કુરુક્ષેત્રમાં ભીષ્મ અને દ્રોણાચાર્યનું અર્જુન સાથેનું યુદ્ધ જેટલું નિર્ણાયક સ્થિતિએ પહોંચતું નથી

એટલું કર્ણનું યુદ્ધ નિર્ણાયક ભૂમિકાએ પહોંચે છે.કર્ણનું યુદ્ધ પાંડવો સાથે નથી કેવળ અર્જુન સાથે છે કેમ કે એના મૂળ ભૂતકાળમાં રહેલાં છે.

કર્ણનો નિજી ધર્મ છે કે કોઈપણ પરિસ્થિતિમાં દુર્યોધન પ્રત્યે નિષ્ઠવાન રહેવું.કર્ણ સારી રીતે જાણે છે કે દુર્યોધનનો માર્ગ જેટલો શૂરવીરનો નથી એટલો ઈર્ષ્યા, કપટ અને અહંકારથી ભરેલો છે.જ્યારે બીજી તરફ કર્ણ કેવળ યુદ્ધથી જ પાંડવોને પરાસ્ત કરવામાં માને છે.આથી તેને કપટનો માર્ગ પસંદ નથી તેમ છતાં તે દુર્યોધનને ત્યજતો નથી.દુર્યોધનના દરેક કપટ કે ષડયંત્રમાં તે ભાગીદાર રહે છે.દ્રોપદી પ્રત્યે તેને ધૃણા છે કેમ કે દ્રોપદીએ તેને સ્વયંવરમાં સૂતપુત્ર કહીને તિરસ્કાર્યો હતો.આ અપમાનનો બદલો તે દ્યુતસભામાં લે છે કે પાંચ પતિ ધરાવનાર સ્ત્રીનું માન શું અને અપમાન શું હોય.આમ કહીને તે વસ્ત્રાહરણને અનુમોદન આપે છે.એક સ્ત્રીનું કર્ણના હાથે થતું આ અપમાન યોગ્ય તો નથી જ પણ તેનુંય મૂળ દ્રોપદી સ્વયંવરમાં રહેલું છે.કર્ણના પરાક્રમનો અસ્વીકાર કરીને તેને જાતિની દ્રષ્ટિએ અપમાનિત કરવો તે પણ યોગ્ય તો નથી જ.કર્ણ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનું આ કારણ નથી પણ જેમ દ્રોપદી અપમાનિત કરે છે તેમ કર્ણ પણ એ અપમાનનું આ પ્રસંગે વેર વાળે છે.અપમાનનો બદલો અપમાનથી લેવો એ માણસનો સ્વભાવ છે એમાં કર્ણે કશું જ ખોટું કર્યું નથી.

જન્મથી માંડી મૃત્યુપર્યંત કર્ણ વેદનામાં જીવ્યો.વેદના જ કર્ણના જીવનનો સ્થાયીભાવ જણાય છે.જન્મતા માતાએ એને ત્યજી દીધો અને જીવનભર સૂતપુત્રનો તિરસ્કાર સહન કર્યો.દ્રોપદીએ અપમાનિત કર્યો પાંડવો સાથે વેર લેવાના હિસાબે દુર્યોધન અને શકુનિના કળણમાં વધુ ને વધુ ખૂંપતો ગયો.લાક્ષાગૃહના ષડયંત્રમાં અને દ્યૂતના વમળમાં પણ એ સપડાયો.એક વીર યોદ્ધા તરીકે કર્ણના ચરિત્ર પરના આ કલંકોને પણ અવગણી શકાય તેમ નથી.દુર્યોધનની અનીતિ અને ષડયંત્રોને વળગી રહેવું એ કર્ણની નિયતિ છે અને તેને અનુસરવામાં જ તે પોતાના જીવનનો સાર માને છે, એ તેનું કર્તવ્ય છે.પરિણામની તેને ચિંતા નથી પણ અપકારનું કલંક સ્વીકારવા એ તૈયાર નથી.કર્ણની ઓળખ તેની જાતિ નહીં પણ પરાક્રમ છે અને તેની દાનવીરતા પણ ખરી.સવારની સૂર્યપૂજા દરમિયાન કોઈપણ યાચક તેની પાસે જે કંઈ માંગે તે આપી દે છે.કુરુક્ષેત્રના યુદ્ધ પૂર્વે ઇન્દ્ર તેની પાસે કવચ અને કુંડળ ની યાચના કરે છે.જ્યાં સુધી તેના શરીર પર આ બે વસ્તુ છે ત્યાં સુધી તેનું મૃત્યુ અનિશ્ચિત છે પણ તેનીય પરવા કર્યા વિના તે કવચ-કુંડળ ઉતારી આપે છે.એ જ પ્રમાણે, કુંતા પણ કર્ણ પર માતાનો અધિકાર જમાવવા આવે છે અને તેને પાંડવ પક્ષે પરત ફરવા વિનવે છે પરંતુ તે નકાર કરે છે.આમ છતાં તે માતાને વચન આપે છે કે તેમના પુત્રો પાંચ રહેશે.કર્ણ કેવળ અર્જુન સાથે જ યુદ્ધ કરશે અને જો અર્જુન મરાય તો કર્ણ માતા પાસે આવશે અને કર્ણ મરાય તો પાંડવો પાંચ રહેશે.કૃષ્ણ પણ કર્ણને તેના જન્મનું રહસ્ય બતાવીને તેની નિષ્ઠામાંથી ચલિત કરવા પ્રયાસ કરે છે અને તેને રાજવી પદ તથા દ્રોપદીનું પ્રલોભન આપે છે.આમ છતાં કર્ણ દુર્યોધનને ત્યજવા તૈયાર થતો નથી.પોતાને જેના દ્વારા પદ, પ્રતિષ્ઠા, સંપત્તિ, યશ અને સન્માન પ્રાપ્ત થયું છે તેના પ્રત્યે નિષ્ઠવાન રહે છે.સ્વ-ધર્મમાંથી ચલિત થવું એ કર્ણનો ધર્મ નથી.ભગવદ ગીતામાં પણ કહ્યું છે કે પોતાનો ધર્મ આચરવામાં ગમે તેટલો કઠિન

હોય તોય પણ પકડી રાખવો, બીજાનો સહેલો ધર્મ પણ આચરવો એના કરતાં સ્વધર્મમાં નિધન સારુ. **स्वधर्मे निधनम श्रेयः परधर्मो भयावह|** શકુનિ, દુર્યોધન, દુ:શાસન આદિના જીવનનો મુદ્રાલેખ જ કપટ, ઈર્ષ્યા અને સ્વાર્થ છે તેમની વચ્ચે રહી કર્ણ પરાક્રમ કે વીરતા માટે ઝૂઝતો રહે છે.પરંતુ તેના જીવનમાં પરિસ્થિતિ જ એવી નિર્માણ થયેલી છે કે તે ઈચ્છવા છતાં બહાર નીકળી શકતો નથી.

કર્ણને મૃત્યુનો ભય નથી પણ કલંકિત જીવનનો ભય છે.કર્ણ દુર્યોધનને ત્યજીને પાંડવ પક્ષમાં ભળી જાય કે કૃષ્ણના પ્રલોભનોને વશ થઈ રહે તે તેને પસંદ નથી.સામાન્યત: સરેરાશ મનુષ્યને મૃત્યુ ભયભીત કરે છે અને તે પ્રલોભનોને વશ થઈ રહે છે.પરંતુ કર્ણ સામાન્ય નથી તેમ લાલચના વમળમાં પણ ફસાતો નથી.એ સમજે છે કે દુર્યોધનની મૈત્રીનું તેના જીવનમાં શું મહત્વ છે અને મિત્રની મદદનું મૂલ્ય શું છે ? દુર્યોધનના ઋણને મૃત્યુથી પણ ચૂકવી શકાય તો તેને કર્ણ પોતાના જીવનની ધન્યતા માને છે.ઘણીવાર માણસની સારપ અને નિષ્ઠા તેની કરુણતાનું કારણ બને છે.કપટી, અસત્યવાદી, ઇર્ષ્યાળુ અને સ્વાર્થી મનુષ્ય પાસે નિષ્ઠાની અપેક્ષા રાખવી વ્યર્થ છે કેમ કે એવા તેના સંસ્કાર નથી.દુર્યોધનને ત્યજવાનો વિચાર કર્ણ સ્વપ્નમાં પણ વિચારી શકે તેમ નથી. વચનમાંથી ચલિત ન થવું અને કોઈના ઉપકારને વિસરવો નહીં.કર્ણને દુર્યોધન પ્રત્યે કોઈ ફરિયાદ નથી કેવળ અસ્તિત્વ સ્થાપન અને જીવનમાં કર્મ અને પરાક્રમ જ વીરની ઓળખ છે તે કર્ણની જીવનભરની મથામણ છે.મહાભારતકાલીન અને સાંપ્રત સમયની પરિસ્થિતિઓને જોતાં જણાય છે કે અહીં જાતિ જ શ્રેષ્ઠ છે, મનુષ્યનું કર્મ નહીં.ખરેખર તો, કર્મ અને સંસ્કાર જ મનુષ્યના માપદંડનો આધાર બનવો જોઈએ કેમ કે એ જ માણસના મૂલ્યાંકનનું સાચું પરિબળ છે.જ્યારે જાતિને શ્રેષ્ઠ ગણવામાં આવે ત્યારે જ મુશ્કેલી સર્જાય છે કેમ કે જાતિ જ શ્રેષ્ઠ હોય તો અધમમાં અધમ કોટીનો મનુષ્ય પણ તેની ઉચ્ચ જાતિને કારણે ઉત્તમ કહેવાય.ક્યાં જન્મ લેવો એ મનુષ્યના અધિકારમાં નથી પરંતુ કેવાં કર્મો કરવા અને કેવાં સંસ્કાર મેળવવા કે અપનાવવા એ મનુષ્યના હાથની વાત છે. જો વિદ્યાવાન વ્યક્તિ પણ આ ન સમજી શકે તો તેની વિદ્યા અર્થહીન છે.સરસ્વતીના ઉપાસકોને તે દેવીએ આ ન શીખવાડ્યું હોય ? વિદ્યાવાન વ્યક્તિમાં આવો ભેદ હોય જ ન શકે. પરંતુ સત્ય તો એ છે કે કર્ણ સાથે આવો વ્યવહાર થયો એ સમાજનું કલંક છે.ભારતીય સમાજ વ્યવસ્થામાં પેસી ગયેલ આ બાબતના ઘણા દુષ્પરિણામો સાંપ્રતમાં જોઈ શકીએ છીએ.એવો કોઈ સમાજ અને રાષ્ટ્ર હોય જ્યાં વ્યક્તિને કેવળ તેના કર્મ અને સંસ્કારથી જ ઓળખવામાં આવે.જો કર્ણ સાથે આમ થયું હોય તો એ કદી દુર્યોધન સાથે ના હોત અથવા અધર્મના માર્ગ પર ન ચાલ્યો હોત.કર્મ અને સંસ્કારની મોટી મોટી વાતો કરનારા પણ આવી કટોકટીની ક્ષણે મૌન ધારણ કરે છે અને માનવતાપૂર્ણ નિર્ણય કરી શકતા નથી.

જ્યારે વ્યક્તિ અંગત સ્વાર્થથી પ્રેરિત હોય ત્યારે તે જાતિ, કર્મ અને સંસ્કાર પણ જોતી નથી કેવળ તે સ્વાર્થપૂર્તિ માટે જ લાલાયિત રહે છે.કૃષ્ણ અને કુંતા મહાભારતના એવાં બે ચરિત્રો છે.કૃષ્ણ સારી રીતે જાણે છે કે દુર્યોધનના પક્ષે જો કોઈ નિષ્ઠાપૂર્વક યુદ્ધ કરી શકે તેમ હોય તો તે કર્ણ છે અને કર્ણ નિર્ણાયક યુદ્ધ કરી શકે છે તથા અર્જુનના પરાજયનું કારણ પણ બની શકે છે.કૃષ્ણ કર્ણના જન્મનું રહસ્ય જાણે છે એટલે જ્યારે

વિષ્ટિમાં કૃષ્ણ સફળ થતો નથી ત્યારે કર્ણ સાથે થોડો સમય વીતાવે છે.આ દરમિયાન કૃષ્ણ કર્ણને તેના જન્મનું રહસ્ય બતાવીને અને તેની સાચી માતા કુંતા હોઈ તે સૂતપુત્ર નહીં પણ ક્ષત્રિય છે એમ જણાવે છે તે યુદ્ધ પૂર્વેની કૃષ્ણની મુત્સ્દીગીરી છે.એટલું જ નહીં કર્ણ જ્યેષ્ઠ કુંતાપુત્ર હોઈ તેને હસ્તિનાપુર સિંહાસન અને દ્રોપદીના પતિ બનવાનું પ્રલોભન આપે છે. કર્ણ માટે આ નાનીસૂની વાત નથી, આ ચિત્તને ભ્રમિત કરવાનું મોટું ને સબળ કારણ છે પરંતુ કર્ણ એ સ્વીકારતો નથી.દુર્યોધનને યુદ્ધના સંદર્ભે કર્ણ ઉપર જેટલો વિશ્વાસ છે એટલો ભીષ્મ અને દ્રોણ પર નથી.દુર્યોધનના આ વિશ્વાસને કર્ણ તોડતો નથી તે કર્ણના વ્યક્તિત્વ અને નિષ્ઠાની મહાનતા છે.આ દ્રષ્ટિએ કર્ણનું ચરિત્ર ઉદાત્ત છે.વિશ્વાસઘાત કરનાર વ્યક્તિ યુદ્ધ જીતે પણ મનુષ્યતાની દ્રષ્ટિએ તેનું કોઈ મૂલ્ય રહેતું નથી.વ્યક્તિ જીવનમાં મૂલ્ય, વિચાર, સિદ્ધાંત અને નિષ્ઠા ધારણ કરે તેની મહત્તા છે કેમ કે તે વ્યક્તિનું મૂલ્યાંકન એ રીતે જ થતું હોય છે અને વ્યક્તિનો સાચો ધર્મ અને ઈશ્વર પણ એ જ છે.સામાન્ય રીતે ધર્મશીલ અને ઈશ્વરની આસ્થાવાળી વ્યક્તિને પણ જીવનની નિર્ણાયક પળ ચલિત કરી મૂકે છે પરંતુ કર્ણ એમાથી બાકાત છે તે એની નિષ્ઠાનો વિજય છે.સૂર્યપૂજા સમયે કુંતા પણ કર્ણ પાસે આવી તેના જન્મનું રહસ્ય કહી તેને પોતાનો પુત્ર સ્વીકારી પાંડવ પક્ષે આવી જવા કહે છે.કર્ણ માતાનો પણ અસ્વીકાર કરી દે છે કેમ કે માતાના આ પ્રકારના વ્યવહારમાં તેને સ્વાર્થની ગંધ આવે છે.જો માતા કુંતાએ  ઈચ્છ્યું હોત શરૂઆતમાં જ કર્ણનો પુત્ર તરીકે સ્વીકાર કર્યો હોત પણ નહીં.છેવટે માતા કર્ણ પાસે પાંડવો માટેનું અભયવચન માંગી લે છે.આ બંને પ્રસંગો કર્ણના વ્યક્તિત્વ અને નિષ્ઠાની મહાનતા સૂચવે છે.

પરંતુ કર્ણના સ્વભાવની આ નિષ્ઠા જ તેના જીવનની સૌથી મોટી કરુણતા બને છે. જીવનનો વાસ્તવ તો એમ સૂચિત કરે છે કે માણસે સૌ પ્રથમ સ્વનો વિચાર કરવો ત્યાર બાદ બીજાનો પણ કર્ણ જેવી વ્યક્તિઓ એમની કર્તવ્યનિષ્ઠા અને સંસ્કારને લીધે તથા ઉપકૃત સ્વભાવને કારણે પ્રથમ પોતાનો નહીં પણ પરનો વિચાર કરે છે.આવી વ્યક્તિઓનું જીવન કારુણ્યમય હોવાનું.જો કર્ણે કેવળ સ્વસુખનો વિચાર કર્યો હોત તો તેણે હસ્તિનાપુરના સિંહાસન અને દ્રોપદીનું વરણ કર્યું હોત પણ તે સ્વાર્થી નથી અને દગાખોર પણ નથી.જીવનમાં હંમેશા નિષ્ઠાવાન વ્યક્તિએ જ વેઠવાનું આવે છે. સંસ્કૃત સુભાષિતમાં પણ કહેવાયું છે,

<u>धृष्टम</u>  <u>धृष्टम</u> पुनरपि पुन: चन्दनम <u>चारुगन्धम</u>
<u>छिन्नम छिन्नम</u> पुनरपि पुन: <u>स्वादुचेदेक्षुद</u>ण्डम |

નિષ્ઠાવાન માણસો હંમેશા પોતે ઘસાઈને પણ બીજાને પરોપકાર કરે છે અને જેમ ઘસાઈ ઘસાઈ ને ચંદન સુગંધીદાર બને છે કપાઈ કપાઈ ને શેરડી બીજાને રસ આપે છે.

કથામાં ક્યાંય પણ કર્ણ અંગત સ્વાર્થથી પ્રેરિત નથી.એના જીવનનું એક જ લક્ષ્ય છે કે દુર્યોધનને પોતાના તરફથી કેટલે અંશે વ્યગ્રતામુક્ત અને સુખી કરી શકાય તથા અર્જુન સાથે યુદ્ધ કરીને પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકાય.દુર્યોધને કર્ણને મિત્ર તરીકે સ્વીકાર્યો છે તો કર્ણનું પણ દુર્યોધન પ્રતિ ઉત્તરદાયિત્વ છે.

આમ, 'મહાભારત' માં જાતિની દ્રષ્ટિએ સદાય હડધૂત થતું રહેલ કર્ણનું ચરિત્ર જીવનભર અસ્તિત્વ સ્થાપન અર્થે લડે છે અને જીવનમાં જાતિ નહીં મનુષ્યનું કર્મ જ મુખ્ય છે તે એનું જીવનધ્યેય છે.એક વ્યક્તિ તરીકેની કર્ણની સબળ ઓળખ તેની દુર્યોધન પ્રત્યેની નિષ્ઠા છે. 'મહાભારત' માં તો ધર્મયુદ્ધ કરનાર પણ અધર્મનો સહારો લે છે પણ તે ક્યારેય અધર્મ આચરતો નથી.અર્જુન સામે પ્રતિશોધ લેવા માટે તક્ષક તીર સ્વરૂપે કર્ણના ભાઠામાં છુપાઈ જાય છે અને કર્ણ તેનું સંધાન અર્જુન પર કરે છે ત્યારે કૃષ્ણની સમયસૂચકતાથી બચે છે.આથી તક્ષક બીજીવાર પોતાનું સંધાન કરવા કર્ણને કહે છે પણ કર્ણનો સિદ્ધાંત છે કે તે એક તીરનું બેવાર સંધાન કરતો નથી.આ કર્ણનો જીવન સિદ્ધાંત છે.કર્ણ 'મહાભારત' એક સંસ્કારી ચરિત્ર છે તે એના કર્મોને લીધે.એને જીવનભર મૃત્યુના ભયે વિચલિત કર્યો નથી પણ તે અસ્તિત્વ સ્થાપન અર્થે વ્યગ્ર છે.કર્ણનું જીવન મનુષ્યતાપૂર્ણ છે અને તે કપટરહિત છે.અસ્તિત્વને સ્થાપિત કરવું એ કોઈપણ મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે.ભારતીય સમાજમાં તે જાતિની દ્રષ્ટિએ તિરસ્કૃત થતો રહ્યો અને વીરતાથી સ્વ-ઓળખ સ્થાપિત કરનાર કર્ણ સાંપ્રત સમયમાં પણ પ્રસ્તુત છે.વિશેષ તો, કર્ણ 'મહાભારત' માં એની કર્તવ્યનિષ્ઠા અને જીવનકારુણ્યને લીધે સ્મરણીય બને છે.

## સંદર્ભ ગ્રંથ સૂચિ


- કર્ણભારમ- પ્રકાશક-અશ્વિન બી.શાહ,સરસ્વતી પુસ્તક ભંડાર,હાથીખાના,અમદાવાદ-૩૮૦૦૦
- પંચરાત્રમ- પ્રકાશક-અશ્વિન બી.શાહ,સરસ્વતી પુસ્તક ભંડાર,હાથીખાના,અમદાવાદ-૩૮૦૦૦૧
- મધ્યમવ્યાયોગ-પાર્શ્વ પ્રકાશન,નીશા પોળ,ઝવેરીવાડ,રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
- સ્વપ્નવાસવદ્ત્તમ - પાર્શ્વ પ્રકાશન,નીશા પોળ,ઝવેરીવાડ,રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
- પ્રતિજ્ઞાયોગંધરાયણ-પાર્શ્વ પ્રકાશન,નીશા પોળ,ઝવેરીવાડ,રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
- દૂતવાકયમ- પ્રકાશક-અશ્વિન બી.શાહ,સરસ્વતી પુસ્તક ભંડાર,હાથીખાના,અમદાવાદ-૩૮૦૦૦૧
- શ્રીમદભગવદગીતા-પ્રકાશક-અશ્વિન બી.શાહ,સરસ્વતી પુસ્તક ભંડાર,હાથીખાના,અમદાવાદ-૩૮૦૦૦૧
- પંચતંત્ર(ભોગીલાલ જે. સાંડેસરા)

પ્રકાશક-ગુજરાતી સાહિત્ય પરિષદ ગોવર્ધનભવન,આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯

- મહાભારત(ચતુર્થ ખંડ)ગીતાપ્રેસ ગોરખપુર
- રશ્મિરથી-લોક ભારતી,પ્રકાશન,મહાત્મા ગાંધીમાર્ગ-અલ્હાબાદ-૦૧
- શ્રીમદ લોકભાગવત

આર.આર.શેઠની કંપની.110/112 પ્રિન્સેસ સ્ટ્રીટ કેશવ બાગ,મુંબઇ-2

- મહાભારત(શલ્ય પર્વ)

પ્રકાશક-વસંત શ્રીપાદ સાતવળેકર સ્વાધ્યાય મંડળ,ભારત મુદ્રણાલય, પારડી,જી.વલસાડ

- મનુસ્મૃતિ  પ્રકાશક આનંદભાઈ એન.અમીન,સસ્તુ સાહિત્ય મુદ્રણાલયમ ટ્રસ્ટ,ભદ્ર પાસે,અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ,મુંબઈ-2
- સંસાર રામાયણ   ગુર્જર પ્રકાશન, રતનપોળ નાકા સામે, ગાધીમાર્ગ,અમદાવાદ ૧
- નીતિશતકમ

પ્રકાશક-અશ્વિન બી.શાહ,સરસ્વતી પુસ્તક ભંડાર,હાથીખાના,અમદાવાદ-૩૮૦૦૦